શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૮
અંક : ૯

## બાવળ

જયારે એ ઘરમાં આવી તો તેના મોં પર ગુસ્સો દેખાઈ રહયો હતો. ચોપડીઓ એક તરફ ફેકીને ફ્રીઝ પર ટૂટી પડી. કેટલાક ગ્લાસ ઠંડા પાણીના પેટમાં ઉતારી લીધા. તેની મા તે ધ્યાનથી જોઈ રહી હતી. તેની નજીક આવીને પુછયું

શું આજ ફરી એ છોકરાઓએ તને પરેશાન કરી. હા મા, 'એ લફંગાઓને હું નહી છોડું' 'તુ શું કરીશ? મે તને કેટલી વાર કહયું કે એનાથી બચીને રહે. બહુ થયુ તારૂ ભણવાનું, હવે ઘરે બેસ. એ બધા મોટા બાપના છોકરાઓ છે, આપણે એનું કાંઈ નહી બગાડી લઈએ." ભણવાનું હું નહી એ છોડશે" "સાંભળ, કાંઈ અવળુ સવળુ નથી કરવુ તું છોકરીની જાત છે કંઈક ઉંચ નીચ થઈ જાશે તો લેવાનું દેવું પડી જાશે. અમે સમાજમાં મોં દેખાડવાને લાયક નહી રહીએ. અમારી ને તારી ઈજજતની ફીકર કર."

એ ખામોશ માનું મોં જોતી રહી.

પછી કંઈક વિચારીને બોલી–"મા, તને એક વાત પુછું"

"હા, પુછ."

"તે બાવળ નું ઝાડ જોયું છે ને?"

"હા જોયુ છે."

"જયારે તેની લીલી લીલી પાંદડીઓની વચ્ચે નાના નાના પીળા ફુલ ખીલે છે તો બાવળનું ઝાડ કેટલુ સુંદર લાગે છે. તેના ફુલને જોઈને બધા લોકોના મન લલચાય છે, પણ કોઈ એ ફુલોને તોડવાની હિંમત નથી કરતુ. જાણે છે કેમ? કેમ કે બાવળના ઝાડમાં કાંટા બહુ ધારદાર અને ખતરનાક હોય છે...મા...તુ જોજે...હું પણ આવા જ બાવળનું ઝાડ બનીશ.....

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– ટપક ટીમ**

**આત્મીય દેહ શરીર દેહથી અજોડ છે.**

## માળી

<u>વાવણી</u>

માળી જે બીજ વાવે તેને જેમ જમીન સ્વીકારે છે એ રીતે અતી ફળદ્રુપ જમીન જેવુ આપણું અર્ધજાગ્રૃત મન કોઈ પણ ઈચ્છાના બીજનો સ્વીકાર કરે છે. જે ઈચ્છા વાવો છો તે ઈચ્છા ફાયદો આપશે કે નુકશાન કરશે તે અર્ધજાગ્રત મન નથી જાણતું, અમુક ઈચ્છાઓ ભવિષ્યમાં નુકસાન કરે તેમ હોય તો પણ અર્ધજાગ્રત મન એ ઈચ્છાના બીજને કોઈ દલીલ કે તર્ક કર્યા વગર સ્વીકારે જ છે

જમીન કયારેય બાવળના બીજનો અસ્વીકાર કરે છે ? જેમ બીજની વાવણી થાય કે તરત જમીન પોતાની તમામ શકિતઓ, લાક્ષણીકતાઓ અને ગુણવતાઓના ઉપયોગ કરીને બીજનું સંસ્કરણ શરૂ કરી દે છે એ જ રીતે ઈચ્છાનું બીજ મળતા જ આપણું અર્ધજાગ્રૃત મન એના સંસ્કરણ માટે પોતાની તમામ શકિતઓને કામે લગાડી દે છે. પુરી નિષ્ઠાથી એ બીજનું સંસ્કરણ કરે છે. અર્ધજાગ્રત મન લક્ષ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ શકે તેવા લોકોને એ તમારી નજીક લાવે છે અથવા તમને એની નજીક લઈ જાય છે.

<u>પાકનું ઉત્પાદન</u>

જમીનમાં વાવેલ બીજના જયારે અંકુરિત કરીને ધીમે ધીમે મોકલે છે આપણી બહારની દુનિયામાં છોડ કે વૃક્ષ સ્વરૂપે. આ પાક સુખનો છે કે દુ:ખનો એ અર્ધજાગ્રૃત મન નથી જાણતુ. એતો બસ જમીન તરીકેની પોતાની ફરજ બજાવે છે. "જેવુ વાવશો તેવુ લણશો" ની આ વૈજ્ઞાનીક સમજ છે પણ આપણને માત્ર સમજણથી નથી અટકવું. અર્ધજાગ્રૃત મનમાં ઈચ્છાઓની વાવણી કરી શકો તે બાબત મહત્વની છે. જે મોટા ભાગના મહાપુરુષોમાં જોવા મળે છે એની વાત પણ કરવી છે.

અર્ધજાગ્રૃત મન નામની ફળદ્રુપ જમીન તમારી સામે જ છે. એની ફળદ્રુપતા એટલી જ છે. જેટલી ભગવાન બુધ્ધની જમીનમાં હતી. મહાત્મા ગાંધીની જમીનમાં હતી, ચર્ચિલ, આઈનસ્ટાઈલ, સ્વામી વિવેકાનંદ કે માર્ટિન લ્યુથર કીંગની જમીનમાં હતી. ધીરૂભાઈ અંબાણી પાંસે અર્ધજાગ્રૃત મન નામની જે જમીન હતી તે અને તમારી જમીનમાં કોઈ જ ફરક નથી. અમિતાભ બચ્ચન, સચીન તેંડુલકર, એ.પી.જે અબ્દુલ કલામ, સુનીતા વિલિયન્સ કે લક્ષ્મી મિતલ કરતા તમારી જમીન સહેજ પણ ઓછી ફળદ્રુપ નથી. એ જમીન એ જ તમારૂ મન છે. ફરક છે માત્ર જાગ્રૃત મન નામના માળીમાં અને એ માળી દ્વારા લેવાતા નિર્ણયમાં. નિર્ણયની ક્ષણ હવે આવી પહોંચી છે. આ મનરૂપી જમીનને હકારાત્મક હળના વલણોથી ખેડવી અને સફળ થવુ કે નકારાત્મક હળના વલણોથી ખેડીને નિષ્ફળ થઈ દુ:ખના દરિયામાં ડુબી જવું તે વિચારવાનું છે.

**સંકલન : રીંકુ પટેલ**

***દરેકની વિશેષતા અલગ ગુણોથી પંકાય છે.***

## ખેડુત સંગઠનો

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ખેડુતો સાથે ક્ષમતાવર્ધનની ચાલતી કામગીરી થકી સહુ સાથે મળીને ખેડુતોએ પોતાના સંગઠન બને તે માટે જે તે વખતે થયેલ તાલીમ તથા બેઠકોમાં તે અંગેની ચર્ચા થતી રહી. જેને લઈ અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી., જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડયુસર કંપની, સોરઠ એગ્રીકલ્ચરપ્રોડયુસર કંપની તેમજ ગીરફાર્મ્સ પ્રોડયુસર કંપની અનુક્રમે ખાંભા, જાફરાબાદ, ઉના / ગીરગઢડા તથા ધારી વિભાગોમાં સ્થપાયેલ છે.

આ વર્ષે અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીને ૧૦ વર્ષ પુર્ણ થતાં ખેડુતોનું સંમેલન તા. ૨૪/૯/૧૬ના રોજ રાખવાનું નકકી થતા ગયા વર્ષમાં બનેલી પ્રોડયુસર કંપનીઓએ પણ પોતાના કાર્યક્ષેત્રના ખેડૂતોને જાણ કરતા મોટી સંખ્યામાં ખેડૂતો આ સંમેલનમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં ખાંભા માર્કટયાર્ડના પ્રમુખશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી, માજીપ્રમુખશ્રી, વેપારી મંડળના પ્રમુખશ્રી, શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ડાયરેકટરશ્રીઓ તેમજ સીએસપીસીના પ્રતિનિધિશ્રી અને સ્થાનિક આગેવાનોએ ઉપસ્થિત રહી સંસ્થા તથા કંપનીના કાર્યોની સમિક્ષા કરી બિરદાવી હતી.

ખેડૂત સંમેલન બાદ અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના અધ્યક્ષશ્રી મગનભાઈ કોઠીયા, સીઈઓશ્રી સુરેશભાઈ ગોહિલની ઉપસ્થિતિમાં વાર્ષિક સાધારણ સભા મળી હતી. તે મુજબ ગીરફાર્મ્સ પ્રોડયુસર કંપનીના અધ્યક્ષશ્રી ઓસમાણભાઈ મોગલ તથા સીઈઓશ્રી નિરવ સોલંકી અને સોરઠના અધ્યક્ષશ્રી મગનભાઈ ગજેરા સીઈઓશ્રી અશ્વીન શીંગડ તેમજ સોરઠના અધ્યક્ષશ્રી ભરતભાઈ ગંગાજળીયા અને સીઈઓશ્રી પરેશ સોલંકીની હાજરીમાં જે તે કંપનીઓએ પણ આજરોજ પોતાની વાર્ષિક સાધારણ સભાઓ યોજી હતી.

આ સમગ્ર પ્રક્રિયાને નિહાળી રહેલા કે સામેલ થયેલા લોકોએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા જેમાં ખાંભા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી કાર્યરત થાય તે સામૂહિક પ્રયાસો હાથ ધરવાની જરૂર જણાઈ. બે વર્ષ પહેલા અવિરત કંપનીએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીમાં મગફળીની ખરીદી કરી આ યાર્ડમાં કામકાજનો આરંભ થયાનું યાદ કર્યુ હતું.

### લેખિત પ્રતિભાવ

સંસ્થા દ્વારા આકાર પામેલ અવિરત કંપનીની સાધારણ સભામાં અમો આઠ વ્યકિતને હાજર રહેવાની તક મળી તેનો આનંદ છે. આપે ખાંભા વિસ્તારના વિકાસ માટે ખુબજ કામ કરેલ છે, કરી રહયા છો તેવી પ્રતીતી થાય છે આપ પાસે મેનેજમેન્ટ અને નેટવર્કિંગનો સારો અનુભવ છે. જે અમારા માટે પથદર્થકરૂપ છે. ફરી અમોને સાધારણ સભામાં સામેલ થવાની તક આપી એ બદલ આભાર – દેવચંદ સાવલીયા, બગસરા

**સાચી સલાહ આપે તે જ સાચો ગુરૂ**

## ગાઈડસ્ટાર ઈન્ડીયા એનજીઓ ટ્રાન્સપરન્સી એવોર્ડ ગોલ્ડ વિનર ૨૦૧૬








## છત્રી અભિયાન



**તાત્કાલીક નિર્ણય જીવનને બરબાદી તરફ વાળે છે.**

## તલોદ પ્રેરણા પ્રવાસ






અવિરત–ખાંભા સાધારણ સભા

*સાહિત્ય જ્ઞાનનું ભંડાર છે.*

**ટપક**

આપણા દેશમાં મોટા ભાગની ૭૩ % વસ્તી ગામડામા રહે છે. જેની મુખ્ય આજીવિકાનો આધાર ખેતી તેમજ પશુપાલન છે.

ખેતી માટે મુખ્ય સ્ત્રોત પાણી છે. નાના એકમોથી લઈને મોટા ઉદ્યોગો અને કારખાનાઓમાં પણ પાણીની વ્યાપક જરૂર પડે છે. આ બંને સ્તરે પાણીનાં કાર્યક્ષમ ઉપયોગ બાબતે આપણે ખુબજ ઉદાસીન છીએ.

આપણે વાત કરીએ આપણી આજીવિકાનો મુખ્ય આધાર ગણાતા ખેતીમા પાણીનો બગાડ થાય તેની.

નળમાંથી પાણી પડે કે કોઈપણ રીતે પાણીના ટીપા પડે ત્યારે 'ટપક' એવો અવાજ આવે છે. આ અવાજને સમજવાની જરૂર છે. લગભગ મોટા ભાગના ખેડૂતો ટપક સિંચાઈ પધ્ધતિથી વાકેફ છે અને ઘણાંબધાતો જીજીઆરસીની સહાયતા તથા તેની માન્યતા ધરાવતી સપ્લાયર કંપનીઓ અને તેના માલસામાનની ગુણવતા વિષે પણ માાહિતગાર છે. રેડ પાણીના કારણે આર્થિક નુકસાની અને સૌથી ઉપયોગી એવા કુદરતી સંશાધનના બગાડ વિષે પણ લોકો જાણે છે. તેમ છતાં પોતાની ખેતીમાં સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવા બાબતે ઘણી દલીલો કરે છે. જેમાં તેની જાળવણીના પ્રશ્નો તથા આર્થિક સ્થિતિના મુદાઓ સામે આવ્યા છે.

સંસ્થાએ પોતાના કાર્યવિસ્તારમાં આ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસ કર્યા તે પૈકી સ્થાનિક યુવાનોને તાલીમ આપી આ પ્રકારની સેવાઓ પુરી પાડી શકે તેવા એક એન્ટરપ્રિનિયોર મોડેલની સ્થાપના અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીમાં કરી તેમાં ખુબજ સફળતા મળી છે તેવુ નથી પરંતુ એક પ્રયાસ છે કે સ્થાનિક સમુહમાંથી જ કોઈ વ્યકિત આ પ્રકારના કામમાં રોકાઈ અને આ સેવાની સાથે સાથે પોતાની આજીવિકા પણ બનાવે.

હાલ નવા બે એન્ટરપ્રિનિયોર મોડેલની સ્થાપના થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે જેમાં ધોકડવા ખાતે બીજુ યુનિટ કાર્યરત થયુ છે અને ત્રીજા યુનિટ માટે પણ પ્રયાસ શરું છે.

ઉપરોકત પ્રયાસોમાં સંસ્થાકીય કાર્યો સાથે જોડાયેલા સાથીઓ સામેલ થયા હોવાથી વ્યાપારી અનુભવ અને દ્રષ્ટિકોણનો અભાવ જોવા મળ્યો છે પરંતુ ધીરે ધીરે આ કામ સાથે જોડાયેલા મિત્રો સેવા એને વ્યવસાય બંનેના સિધ્ધાંતો સાથે જાળવીને ચાલી રહયા છે. આશા છે કે આ કાર્યોમાં ગતિ આવે.

**રમુજ એક થેરાપી**

પત્નિઃ આ શું લાવ્યા છો ?
પતિઃ હું નાટકની ટીકીટો લાવ્યો છું.
પત્નિઃ વાહ, હુ હમણાં તૈયાર થવા માંડુ છુ.
પતિઃ હા, એ બરાબર, અત્યારથી તૈયાર થા તો તું તૈયાર થઈ રહીશ.ટીકીટો આવતી કાલની છે.

## ટકાઉ ખેતી

ખેડુત મિત્રો,

મગફળીમાં પુરતુ ખાતરની જરૂરીયાત ઉભી થાય છે. જેમાં ચાલુ વરસે મોટા ભાગના ખેડુતોએ સાંકડા પાટલે વાવેતર કરેલ છે. યુરીયા ખાતરનો વધારે વપરાશ કપાસ માટે નુકશાનકારક સાબિત થઈ શકે છે. માટે ખુબજ કાળજી પુર્વક જ યુરીયા ખાતરનો ઉપયોગ કરવો. જો વધારે આપવામા આવશે તો જરૂર કરતા વધારે કપાસનો વિકાસ થશે અને ફુલ ભમરી મોડા આવશે. જેના કારણે ગુલાબી ઈયળનો ત્રાસ વધશે માટે યુરીયા ખાતરના વપરાશમાં ખુબજ કાળજી લેવી મિત્રો ૧૩:૦૦:૪૫ ખાતરનો ઉપયોગ કરવો ખુબજ જરૂરી છે. આ ખાતર ફુલ ભમરી આવીયા બાદ ચાર સ્પ્રે કરવામાં આવે તો તેનુ પરીણામ ખુબજ સારૂ આવશે. આ ખાતરનો છંટકાવ કરવાથી ફુલ ભમરીનું ખરણ ઘટશે. તેમ જ ઉત્પાદનમાં સારો એવો વધારો થશે આ ખાતર બજારમાં કિલોના પેકિંગમાં મળે છે. જે થોડુ મોંઘુ પડે છે પણ આ ખાતરને ઘરે પણ બનાવી શકો છો. જાણો બનાવાની રીત ૧ વીઘા માટે ૬૦૦ ગ્રામ મયુરોટ ઓફ પોટાશ ખાતરને રાત્રે પલાળવુ સવારે તેમા યુરીયા ખાતર ૨૪૦ ગ્રામ ભેળવવુ. આ મિશ્રણને એક વીઘામાં છંટકાવ કરવો આ ખાતર ઘરે બનાવાથી ખુબજ સસ્તુ પડશે. આ ખાતર સાથે કોઈ પણ પ્રકારની દવાઓ તેમજ ખાતરનો છંટકાવનો ઉતમ સમય વહેલી સવારે તેમજ સાંજના સમયે કરવો.

હાલ પિયતની કોઈ જરૂરીયાત નથી. પરંતુ જો જરૂરીયાત. ઉભી થાય તો ટપક પદ્ધતિ ઉતમ છે. પરંતુ ના હોય તો કપાસમાં એક પાટલે પિયત આપવુ જેનાથી ફુલ ભમરી ઓછી ખરશે. તેમજ રોગ જીવાતનો એટેક ઓછો આવશે. પાણીનો બચાવ થશે. કપાસનો ઉતમ સમય રાત્રે, વહેલી સવારે અથવા સાંજના સમયે કરવાથી કપાસમાં નુકશાની ઓછુ થાય છે.

દોસ્તો હવે કપાસ ૮૦ દિવસનો થવા જઈ રહયો છે. જેની ઉપરની ટોચ કાપી નાખવી જોઈએ. જેનાથી કપાસ ઉપર વધતો અટકશે ડાળીમાં તાકાત વધશે જેથી ઉત્પાદનમાં વધશે.

મિત્રો, માંડવીમાં સફેદ ફુગે દેખા દીધી છે. આ ફુગ આવી ગઈ હોય તો પ્રોફીકોનાઝોલ (ટીલ્ટ) દવાના ૧૦ દિવસના ગાળે બે સ્પ્રે કરવા.

ગુલાબી ઈયળના લક્ષણ દેખાતા નથી. માટે બીંદાસ બેસવાની જરૂર નથી ભલામણ મુજબની દવાઓ છાંટતા રહેવુ.

દોસ્તો ખેતી કામમાં આરોગ્યની સલામતી માટે દવાઓના છંટકાવ કરતા હોય ત્યારે મોઢા પર રૂમાલ બાંધવો, આખી બાયના શટ પહેરવા જોઈએ. પવનની વિરુદ્ધ દિશામાં દવાનો છંટકાવ કરવો જોઈએ.

દોસ્તો આવતા અંકે બાળ મજુરીની વાત કરીશુ.

**–ડી. એન. ઝાલા (૯૮૨૫૪ ૨૨૨૪૪)**

***મુશ્કલીઓથી માનવી ઘડાય છે.***

**Happy birthday**

| | |
|---|---|
| Nirav Solanki | 13.10.1991 |
| Jayesh Jadav | 14.10.1991 |
| Bipinbhai Joshi | 19.10.1954 |

**In this month**

| | |
|---|---|
| 1 | Review meeting by Dr. Sohi at KVK Kodinar |
| 5 | Review and planning meeting between CSPC and SSKK team |
| 6 | LAMP review with AIF (A'bad) and meeting with JSA(Amreli). |
| 6-7 | Training on legal & statutory compliance for FPO by CSPC |
| 9 | Farmers exposure at Junagadh |
| 12-17 | Field training at RGR- Ludhiana |
| 13-15 | State level training by ASER |
| 15-16 | 2nd party credibility check by Ravikumar and Sandipkumar |
| 15 | Visits by Arun Pandhi |
| 18 | FPO Director workshop - Amreli. |
| 22-25 | ASER - District level training and survey (Amreli) |
| 23-28 | Observation of LRC class at Orissa |
| 24 | Annual meet and AGM of AVIRAT at Khambha. |
| 27 | Transparency award function at Mumbai |
| 27 | Review meeting by NABARD. |
| 28-30 | Farmers exposure at Talod and Vijapur |
| 30 | FPOFarmers workshop - Timbi |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સર્મપણ જીવનનું માપદંડ છે.**